પ્રતિ

પી.આર.ઓ શ્રી

પોલીસ કમિશ્નર શ્રીની કચેરી

અમદાવાદ શહેર

વિષય: ૬ વર્ષથી ગુમ/અપહરણ થયેલ બાળકને શોધી કાઢતી શહેરકોટડા પોલીસ સંદર્ભના સમાચાર દૈનીક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરવા બાબત.

સવિનય વી.ડી.વાળા પોલીસ ઇન્સપેક્ટર શહેરકોટડા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેરનાનો વિનંતી રીપોર્ટ કે,

ઉપરોક્ત વિષય અનુસંધાને જણાવવાનુ કે.મે.પોલીસ કમિશ્નર.શ્રી અમદાવાદ શહેર તથા સયુંકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૧ સાહેબશ્રીની સુચનાથી નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૩ સાહેબ તથા ઇન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "ડી" ડિવિઝન સાહેબના માર્ગદર્શન હેઠળ ૦ થી ૧૮ વર્ષના ગુમ/અપહરણ થયેલ બાળકોને સત્વરે શોધી કાઢવા સારૂ કરેલ સુચનાઓ મુજબ અમોએ તથા સે.પોલીસ ઇન્સ્પેકટર.શ્રી ડી.બી.ડાભી સાહેબનાઓએ ગુમ-અપહરણ થયેલ બાળકોને શોધી કાઢવા સારૂ આયોજન કરવામાં આવેલ અને ગુમ/અપહરણ થયેલ બાળકોના સગા-સબંધીઓનો સંપર્ક કરી તેમજ આ બાળકોના ઘરે જઈ તેમના માતા-પિતાના સંપર્કમાં રહી બાળકોને શોધવાના સતત પ્રયત્નો ચાલુ રાખતા શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુરનં-૩૦૩/૧૩ ઇપીકો કલમ ૩૬૩ મુજબ ના કામે ભોગ બનનાર અજય સ/ઓ નરેશસિંગ શ્રીચંદ જાતે-દિવાકર  રહે.૩૨૧, રચના વિધાલય પાછળ, પ્રેમનગર (કૈલાશનગર), અમદાવાદ શહેર હાલ રહે.દુકાન નં.૨,જાનીયાપીરનો ટેકરો, વીંજોલ રોડ, વટવા, અમદાવાદ શહેર મુળવતન-ગામ-બીજપુરી, તા-ભીંડ, જી-ભીંડનાનો ગઈ તા. તા.૮/૯/૧૩ ના કલાક ૧૫/૦૦ વાગ્યે તેનુ અપહરણ થવા બાબતની તેના પિતા શ્રીએ શહેરકોટડા પો.સ્ટે ખાતે ફરીયાદ આપતા  ગુનો દાખલ થવા પામેલ હતો જે સંદરભમાં તપાસ ચાલુ રાખતા આજરોજ તા.૨૨/૧૧/૨૦૧૯ ના રોજ ગુમ/અપહરણ થયેલ અજય નરેશસિંગ દિવાકર નાનો મળી આવેલ છે. આ બાળક સને-૨૦૧૩માં ગુમ થયેલ જે મળી આવતા તેના માતા-પિતા સાથે મિલન થતા ખુશીની લાગણી પ્રવર્તેલ હતી. જેથી આ બાબતે સમાચાર પત્રોમાં આ સમાચાર પ્રસિધ્ધ કરવા વિનંતી છે.



(વી.ડી.વાળા)

પોલીસ ઇન્સપેક્ટર

શહેરકોટડા પોલીસ સ્ટેશન

અમદાવાદ શહેર